# અરવલ્લી જિલ્લામાં ટ્રક ચલાવવી હોય તો ૫૦૦૦ આપવા પડશે નો ભ્રષ્ટાચારી હુંકાર

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જીલ્લા એ.આર.ટી.નો કચેરીમાં અધિકારીઓ અને કર્મચારીઓના બેફામ ભ્રષ્ટાચારથી ભ્રષ્ટાચારના દળદળમાં પ્રજાજનો લાચાર ભાસી રહ્યા છે. જીલ્લા એ.આર.ટી.ઓ. કચેરીમાં ફરજ બજાવતા આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર દ્વારા હપ્તારાજની આડમાં ઓવર લોડિંગ વાહનો જીલ્લાના મુખ્યમાર્ગો અને અંતરિયાળ માર્ગો પર માતેલા સાંઢની માફક પસાર થતા ઠેર ઠેર નજરે પડે છે. ઓવરલોડ વાહનોએ અનેક લોકોના જીવ લીધા હોવા છતાં પ્રજાજનોના જીવન ભોગે અધિકારીઓ ખિસ્સા ભરી રહ્યા છે. આર.ટી.ઓ ઈન્સ્પેક્ટર ને રાજસ્થાનના બાંસવાડા ટ્રક ટ્રાન્સપોર્ટ એસો.ના પ્રમુખ મુકેશ જૈનના ટ્રકને મોડાસા નજીક ખોટી રીતે અટકાવી આરટીઓ કચેરીમાં લઈ જઈ જીલ્લામાં ટ્રક ચલાવવી હોયતો મહિનાના ૫૦૦૦ રૂપિયા હપ્તો આપવો પડશે ની માંગણી કરતા ટ્રક માલિકે વકીલ મારફતે રજીસ્ટર પોસ્ટ મારફતે નોટિસ ફટકારતા નોટિસ સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા જીલ્લા એ.આર.ટી.ઓ. કચેરીમાં ભૂકંપની સ્થિતિ સર્જાઈ છે. ભ્ર્ષ્ટાચારી અધિકારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

અરવલ્લી જીલ્લામાં ટ્રક-ટ્રાન્સપોર્ટના ધંધાર્થીઓ અને ડમ્પર માલિકો આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટરની કનડગતના પગલે મજબૂરીવશ ટ્રક-ડમ્પર માટે નક્કી કરેલ હપ્તા આપી ધંધો કરી રહ્યા છે, ત્યારે બાંસવાડા રાજસ્થાનમાં ટ્રક ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા મુકેશ જૈન નામ વ્યકિતએ અરવલ્લી આર.ટી.ઓ. એ.બી. પટેલને કાનુની નોટીસ પાઠવી નુકશાનુ વળતર, માનહાની તેમજ માનસીક સતામણીનો દાવો કરતી નોટીસ ફટકારતા ચકચાર મચી ગઈ છે. બાંસવાડા ટ્રક એસોસીયેશનના ઉપપ્રમુખ મુકેશ જૈને દાવો કર્યો છે કે તા. ૨૪-૧૦-૨૦૧૮ના રોજ તેમની ટ્રક નં આરજે.૦૩. જીબી. ૪૫૦૦ સવારે ૩.૪૫ કલાકે બાંસવાડાથી મોડાસા આવી રહી હતી. આ દરમિયાન તેમની ટ્રકને આરટીઓ એ.બી. પટેલ દ્વારા કોઈ પણ કારણ વિના રોકવામાં આવી હતી અને ડ્રાઈવર પાસે રૂ. ૫૦૦૦ની માંગણી કરવામાં આવી હતી. તેમણે ડ્રાઈવરને કહ્યું કે, આ રોડ પર ટ્રક ચલાવવી હોય તો માસિક ૫૦૦૦ પ્રતિ માસ એન્ટ્રી આપવી પડશે અન્યથા રૂ.૮૦૦૦ની ચલણ બનશે જણાવી ટ્રકનો વજન કાંટો પણ કરાવ્યો હતો પરંતુ ટ્રકમાં અવારલોડ ભરેલ નથી તેવુ માલુમ પડ્યુ હતું.

ટ્રક માલિકના આક્ષેપ મુજબ તેમની માલીકીની ટ્રક નં આરજે.૦૩.જીબી.૪૫૦૦ ઓવરલોડ ભરેલ ન હતી, તેમછતાં આર.ટી.ઓ દ્વારા યેનકેન પ્રકારે નાણાં પડાવાના આશયથી બપોરના ૩ કલાક સુધી રોકી રાખવામાં આવી હતી અને ત્યારબાદ ટ્રક માલિકે જ્યારે અરવલ્લી જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજુઆત કરી ત્યારે તેમની ટ્રક છોડી મુકવામાં આવી હતી. ટ્રક માલિકનું માનવુ છે કે આર.ટી.ઓ.એ સત્તાનો અને સરકારી મશીનરી દુરઉપયોગ કરી ખોટી રીતે ટ્રક માલિક પાસેથી ભ્રષ્ટાચાર કરવા ડરાવી ધમકાવીને નાણાં પડાવવા માટે ટ્રક ડીટેન કરી હતી. જેના કારણે તેમને આર્થીક તેમજ સામજીક નુકશાન થયુ છે. ટ્રક માલિક મુકશ જૈને માંગ કરી છે કે આર.ટી.ઓ. એ.બી. પટેલ પાસે તેમની ટ્રક વિરૂધ કોઈ પુરાવા હોય તો તે દિન સાતમાં રજુ કરી તેમની ટ્રક ૧૨ ક્લાક સુધી ડીટેન કરવાનુ કારણ બતાવે.






તસવીર : રમેશ વૈષ્ણવ

## ખેડબ્રહ્મા શહેરમાં બ્રહ્માની નગરીમાં ખોદકામ દરમિયાન મૂર્તિ નીકળી

ખેડબ્રહ્મા શહેરમાં ગામ વિસ્તસરમાં વર્ષો જૂનું મહાવીર સ્વામીનું જિનાલય આવેલ છે. જેનો જીણોદ્ધાર કરવાનું કામ હાલમાં ચાલુ છે. મંગળવાર સાંજે ખોદકામ દરમિયાન જૈન સમાજના પ્રથમ તીર્થંકર આદેશ્વર ભગવાનની ધ્યાન મુદ્રાવાળી ૩ થી ૪ ફૂટની એક પથ્થરમાંથી બનાવેલ આરસ પત્થરની મૂર્તિ નીકળી હતી જેને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આ મૂર્તિને ખેડબ્રહ્મા જૈન શ્વેતાંમબર મૂર્તિ પૂજક સંઘના ઉપાશ્રયમાં મુકવામાં આવી હતી.

# પાલનપુર બસ સ્ટેન્ડમાંથી મુસાફરનું પાકીટ ચોરાયું

### અંબાજીથી દવાખાને આવેલો યુવક મુશ્કેલીમાં મુકાયો

પાલનપુર, તા. ૧૮

અંબાજીનો એક યુવક સોમવારે પાલનપુર ખાતે હોસ્પિટલમાં આવ્યો હતો. જે દરમિયાન બસ સ્ટેન્ડમાંથી રૂપિયા ચાર હજાર ભરેલું પાકીટ ચોરાઈ જતાં મુશ્કેલીમાં મુકાઈ ગયો હતો. પાલનપુર બસ સ્ટેન્ડમાં અગાઉ પણ પાકીટ ચોરીના બનાવો બન્યા છે. ત્યારે અહિંયા કાયમી માટે પોલીસ પોઈન્ટ મુકવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

પાલનપુર બસ સ્ટેન્ડમાં બનેલી પાકીટ ચોરીની ઘટનાની વિગતો એવી છે કે, અંબાજી ખાતે રહેતા રમેશભાઈ રાવળ સોમવારે પાલનપુરની હોસ્પિટલમાં સારવાર અર્થે આવ્યા હતા.

જેઓ પાલનપુર બસ સ્ટેન્ડમાં આવ્યા ત્યારે કોઈ અજાણ્યો શખ્સ તેમના ખિસ્સામાંથી રૂપિયા ચાર હજાર ભરેલુ પાકીટ ચોરીને નાસી ગયો હતો. આથી રમેશભાઈ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે, પાલનપુર બસ સ્ટેન્ડમાં અગાઉ પણ પાકીટ ચોરીના બનાવો બન્યા છે. ત્યારે અહિંયા કાયમી માટે પોલીસ પોઈન્ટ મુકવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.



તસવીર : કાંતિલાલ લોધા

## ડીસામાં મકાનમાં આગ લાગતાં ગરીબ પરિવારની ઘરવખરી બળીને ભસ્મીભૂત

ડીસાના રાજપુર વિસ્તારના ચાચરચોકમાં આવેલ રહેણાંક મકાનમાં રાત્રીના સુમારે અગમ્ય કારણોસર આગ લાગતાં લાખો રૂપિયાની ઘરવખરી બળીને ભસ્મીભૂત થઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ રાજપુર મઠ સામે આવેલ ડાયાલાલ ચમનલાલ ખત્રીના મકાનમાં રાત્રીના સુમારે અચાનક આગ લાગતાં આ મકાનમાં સૂતેલો ડાહ્યાલાલનો પુત્ર જગદીશ ઘરમાંથી બહાર નીકળી ગયો હતો.બાદમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આ પરિવારની ઘરવખરી બળીને ભસ્મીભૂત થઈ ગઈ હતી.આ બનાવની જાણ થતાં સ્થાનિક લોકોએ ઘટનાસ્થળે દોડી જઈ પાણીનો મારો ચલાવી આગને અંકુશમાં લીધી હતી. ડીસા નગરપાલિકાના ફાયર ફાઈટરે પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી.આ ગરીબ પરિવારનું મકાન બળી જતા સ્થાનિક રહીશોમાં દુઃખની લાગણી વ્યાપી ગઈ હતી. જો કે જગદીશભાઈ ખત્રી ઘરની બહાર આવી જતા તેમનો આબાદ બચાવ થયો હતો.

# પાલનપુરમાં બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો

પાલનપુર, તા. ૧૮

પાલનપુરમાં તસ્કરોએ એક બંધ મકાનમાં હાથફેરો કરી રૂપિયા ૬૦,૦૦૦ના સોના- ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. શહેરની કુંવરબા સ્કુલ નજીક આવેલી રાજકમળ સોસાયટીમાં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતુ. આ અંગે મકાન માલિકે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

પાલનપુરમાં થયેલી ચોરીની પ્રાપ્ત થતી વિગતો મુજબ કુંવરબા સ્કુલ નજીક આવેલી રાજકમળ સોસાયટીમાં રહેતા રમેશભાઈ શાહના બંધ મકાનના દરવાજાનું તાળુ તોડી તસ્કરો અંદર પ્રવેસ્યા હતા. જ્યાં મકાનમાં પડેલી તિજોરીમાંથી રૂપિયા ૨૦,૦૦૦નો એક કિલો ચાંદીનો કંદોરો તેમજ રૂપિયા ૪૦,૦૦૦ની બે તોલા સોનાની બંગડીઓ મળી કુલ રૂપિયા ૬૦,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી નાસી ગયા હતા. આ અંગે સંકેત દિપકભાઈ શાહે પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે ગુનો નોંધી પીએસઆઈ બી. કે. ગુરૂદેવએ તસ્કરોનું પગેરૂ શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## રાજકોટમાં પાટીદાર જીવનસાથી પસંદગી મેળો

ગુજરાતમાં વસતા પાટીદાર પટેલ જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે લગ્ન સંબંધી વિગતવાર માહિતી જેવી કે નામ, જન્મ તારીખ, અભ્યાસ, ઊંચાઈ, વજન, ફોટોગ્રાફ, માતા-પિતાનો સંપર્ક નંબર, મોસાળ પક્ષની માહિતી વિના મુલ્યે મળી શકશે.

આ મિલન કાર્યક્રમમાં ઉચ્ચ અભ્યાસ, ઓછો અભ્યાસ, રી મેરેજવાળા ઉમેદવાર, તમામ ભાગ લઈ શકશે. સગપણ બાકી હોય રસ ધરાવનારા યુવક-યુવતીએ તાજેતરનો ફોટો-બાયોડેટા સાથે તા. ૧૯ થી ૨૫મી ડિસેમ્બર સુધીમાં સમય સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ સુધીમાં પટેલ સમાજ કાર્યાલય, ૧૫, કોપર આર્કેડ, વિશ્વેશ્વર મંદિર સામે, મવડી પ્લોટ મેઈન રોડ, રાજકોટ-૪, મો. નં. અર્જુનભાઈ લીંબાસીયા ૯૪૨૪૦ ૨૩૩૪૫૨ સંપર્કસાધવા જણાવેલ છે.

## આઈટીઆઈ વડનગર ખાતે ઔધોગિક ભરતી મેળો યાજાશે

મહેસાણા, તા. ૧૮

જિલ્લા રોજગાર વિનિમય કચેરી મહેસાણા દ્વારા ૨૧ ડિસેમ્બર-૨૦૧૮ના રોજ આઈ.ટી.આઈ. વડનગર સરકારી પોલીટેકનીક રોડ ખાતે ઔધોગિક ભરતી મેળાનું આયોજન કરાયું છે. ભરતી મેળામાં ભાગ લેવા માંગતા રોજગારવાંચ્છુઓએ પોતાના બાયોડેટા નંગ ૫ અને ફોટા તથા અસલ પ્રમાણપત્ર તેની નકલ સાથે સવારે ૧૦ કલાકથી સ્વખર્ચે હાજર રહેવાનુ રહેશે તેમ રોજગાર અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

### મોડાસાના ખંભીસર પાસે હિટ એન્ડ રનની ઘટના

# દૂધ ટેન્કરે બાઈકને અડફેટે લેતા વાંટા રામપુરના આશાસ્પદ યુવાનનું મોત

અરવલ્લી જીલ્લામાં વાહનચાલકો બેફામ ગતિએ હંકારતા છાસવારે અકસ્માતની ઘટનાઓ સર્જાતી હોય છે. મોડાસા-હિંમતનગર રોડ પર આવેલા ખંભીસર ગામ નજીક બાઈક લઈ રોડ પરથી પસાર થતા વાંટા રામપુરના આશાસ્પદ યુવાનની બાઈકને માતેલા સાંઢની માફક આવતા દૂધ ટેન્કરે ટક્કર મારતા યુવાનના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું અકસ્માતની ઘટનાના પગલે પરિવારજનો દોડી આવ્યા હતા. હૈયાફાટ રૂદનના પગલે વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. મોડાસા રૂરલ પોલીસે અકસ્માતના સ્થળે પહોંચી મૃતક યુવાનના મૃતદેહને મેઢાસણ સરકારી દવાખાને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




મોડાસા તાલુકાના વાંટા રામપુરનો ૨૧ વર્ષીય આશાસ્પદ યુવાન અંકિતસિંહ રણજિતસિંહ ચૌહાણ સોમવારે ખાનગી સ્થળે નોકરી પુરી કરી બાઈક લઈ સાંજના સુમારે ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે ખંભીસર પાટિયા નજીક રાજેન્દ્ર નગર તરફથી પુરઝડપે ગફલતભરી રીતે હંકારી દૂધ વાહન ટેન્કર (ગાડી. નં-જીજે.૦૯.એયુ.૧૫૫૨)ના ચાલકે બાઈકને ટક્કર મારી ફરાર થઈ જતા બાઈક ચાલક યુવાનના માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળેજ પ્રાણ પંખેરું ઉડી જતા ભારે ચકચાર મચી હતી. અકસ્માતના સ્થળે દોડી આવેલા લોકોએ પોલીસ અને પરિવારજનોને જાણ કરતા તાબડતોડ દોડી આવ્યા હતા. પરિવારજનોએ આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. મોડાસા રૂરલ પોલીસ મૃતક યુવાનના મૃતદેહને પી.એમ. માટે મેઢાસણ સરકારી દવાખાને ખસેડી રણજીતસિંહ ફતેસિંહ ચૌહાણ (રહે, વાંટા રામપુર)ની ફરિયાદના આધારે મોડાસા રૂરલ પોલીસે ફરાર દૂધ ટેન્કરના ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## મોડાસામાં રાજ્યકક્ષાની ઓપન હોકી ટુર્નામેન્ટનો દબદબાભેર પ્રારંભ

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જીલ્લામાં ટૂંક સમયમાં યુનિવર્સીટી સ્થપાશે. યુનિવર્સીટીની ફાઈલ મંજુર થઈ હોવાનું વન મંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું.

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ગુજરાતની રાજ્યકક્ષાની ખેલમહાકુંભ ૨૦૧૮ અંતર્ગત હોકી ટુર્નામેન્ટનો ગુજરાત રાજ્યના વનમંત્રી રમણ પાટકરના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. રાજ્યકક્ષાની ઓપન (ભાઈઓ-બહેનો) માટે યોજાનાર ટુર્નામેન્ટમાં ગુજરાતમાંથી ૨૧ જીલ્લાની ટિમોએ ભાગ લીધો છે. રાજ્યકક્ષાની હોકી ટુર્નામેન્ટમાં મહિલા તથા પુરુષ ખેલાડીઓએ મોટી સંખ્યામાં ભાગ લેવા પહોંચ્યા હતા. મંગળવારથી શરૂ થયેલ રાજ્યકક્ષાની હોકી ટુર્નામેન્ટનો ૨૩ ડિસેમ્બરે ટુર્નામેન્ટનું સમાપન થશે.

### ટીંટોઈ નજીક ગેરકાયદેસર તળાવમાંથી

# માટી ઉલેચતા હિટાચી અને ત્રણ ડમ્પર ઝડપી પાંચ લાખનો દંડ ફટકારતું ખાણ ખનીજ તંત્ર

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જીલ્લામાં ખનીજ માફિયાઓ ખાણ ખનીજ તંત્રની મીઠી નજર હેઠળ ખનીજ માફિયાઓ બેફામ બની ખનન કરી કુદરતી સંપત્તિને લૂંટી રહ્યા છે. જીલ્લા ખાણ ખનીજ તંત્રના ભ્રષ્ટાચારી કામગીરીના પગલે કેટલાક ખનન માફિયાઓ કોઈ પણ પ્રકારની મંજૂરી કે લીઝ વગર મનફાવે ત્યાં ધાપ બોલાવી ખનીજ ચોરી કરી રહ્યા છે. ખનીજ તંત્રના દરોડામાં પણ તોડ ન થાય તોજ કાયદાકીય અને દંડની કાર્યવાહી થતી હોવાની પ્રકૃતિ પ્રેમીઓએ જણાવ્યું હતું. ટીંટોઈ નજીક ઉમેદપુર-અમદાવાદ રેલવે લાઈન માટે ચાલતી કામગીરી દરમિયાન રેલવે કોન્ટ્રાક્ટર દ્વારા તળાવમાંથી વગર મંજુરીએ ખનીજ ચોરી કરતા હિટાચી મશીન અને ત્રણ ડમ્પર ઝડપી પાડી ૫ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.




અમદાવાદ રેલવે લાઈન માટે ચાલતી કામગીરી દરમિયાન રેલવે કોન્ટ્રાક્ટર દ્વારા વિના રોક ટોક થતી હોવા છતાં અનેક જાગૃત નાગરિકોની બૂમો ઉઠવા છતાં કોઈ




તસવીર : મેહુલ જોષી

અરવલ્લી જીલ્લા ખાણ ખનીજ વિભાગે ટીંટોઈ ગામ નજીક સરકારી પડતર જમીન અને તળાવમાંથી હજ્જારો સી.એમ. માટીના જથ્થાની માટીના ખનીજની લૂંટ ઉમેદપુર-પગલાં ન ભરાતા અને લાખ્ખો રૂપિયાની ખનીજ ચોરી સામે માત્ર ૫ લાખ રૂપિયાનો દંડ ફટકારી સંતોષ માનતું જીલ્લા ખાણ ખનીજ વિભાગની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ છે.

મોડાસાના ટીંટોઈ નજીકના તળાવમાંથી ખાણ ખાણીજ વિભાગને મળેલી ફરિયાદને ધ્યાને લઈ દરોડા હાથ ધરવામાં આવ્યા હતા. જેમાં સ્થળ પરથી એક હિચાટી મશીન અને ત્રણ ડમ્પર ઝડપી લેવામાં આવ્યા હતા જેને લઈ ગેરકાયદે માટી ખનન કરતા માફિયાઓમાં ફફડાટ જોવા મળ્યો હતો. ઉલ્લેખનિય છે કે કોન્ટ્રાકટર દ્વારા ટીંટોઈ પાસે રેલવે લાઈનનું કામ ચાલતું હોય અને તેની સાઈડો પુરવા તળાવમાંથી કોન્ટ્રાકટર દ્વારા ટીંટોઈ ગ્રામ પંચાયતના ઠરાવના આધારે ગેરકાયદે માટી ખનન કરતા માફિયા સામે સતીષભાઈ પટેલ માઈન્સ સુપરવાઈઝર ખાનખાણીજ અરવલ્લી અને અનિલ રાઠોડ સર્વેયર ખાણ ખનીજ અરવલ્લીનાઓએ રોયલ્ટી ચોરી કરનાર વિરીદ્ધ ૫ લાખનો દંડ અને ૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી હતી.

# બાયડમાં ૮૦થી વધુ દબાણો દૂર કરાતા નગરજનો અને વાહનચાલકોમાં આનંદ

બાયડ, તા. ૧૮

અરવલ્લી જીલ્લા સહીત શહેરી વિસ્તારોમાં દબાણોનો રાફડો ફાટી નીકળ્યો છે. બાયડ શહેરના ૯૦ કાચા દબાણો હટાવવાની કામગીરી હાથધરી દબાણ હટાવી રોડની બંને સાઈડો પરથી દબાણ દૂર કરી રોડ ખુલ્લો કરવામાં આવ્યો ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કાર્યવાહી ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ જેસીબી મશીન સાથે આર.એન્ડ.બી. સ્ટેટ સબ




બાયડ-કપડવંજ હાઈવે, બાયડ-દહેગામ અને ગાબટ રાજ્ય ધોરીમાર્ગ પર ઠેર ઠેર દબાણો થતા આર.એન્ડ.બી. સ્ટેટ સબ ડિવિઝન દ્વારા રોડ પરના કાચા દબાણો દૂર કરવા નોટિસ આપી હતી. ૧૮ ડિસેમ્બર સુધી સ્વયંભૂ દબાણ હટાવાવની તાકીદ છતાં દબાણકારોએ નોટિસની દરકાર ન કરતા દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરી હતી કાર્યપાલક ઈજનેર દેવાંગ પટેલના જણાવ્યા અનુસાર રોડની આજુબાજુના અંદાજે ૮૦થી છે. બાયડના નગરજનો અને વાહનચાલકોએ રોડની બંને સાઈડના દબાણો દૂર કરવાની કામગીરીને આવકારી હતી અને બાયડ નગરપાલિકા તંત્ર દ્વારા પણ શહેરમાં આડેધડ થતા દબાણો દૂર કરવામાં આવેની માંગ કરી હતી.

બાયડ શહેરના બાયડ-દહેગામ અને બાયડ-કપડવંજ હાઈવે પર રોડની મધ્યબિંદુથી ૧૫ મીટર (૪૮ ફૂટ ) અને બાયડ-ગાબટ રોડ પર મધ્યબિંદુથી ૧૨ મીટર (૩૮ ફૂટ) ઉભા કરાયેલ ડિવિઝનના નાયબ કાર્યપાલક ઈજનેર દેવાંગ પટેલની રાહબળી હેઠળ તમામ કાચા દબાણો અને દુકાન આગળ તાણી બાંધેલ પતરાના શેડ હટાવી દેવાની કાર્યવાહી હાથ ધરાતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. બાયડ શહેરના ત્રણે રાજ્યધોરી માર્ગ પરથી દબાણો હટાવતા રોડ ખુલ્લા બનતા પ્રજાજનો અને વાહનચાલકો આર.એન્ડ.બી. વિભાગની કોઈની પણ શેહ શરમ રાખ્યા વગર દબાણ દૂર કરવાની કામગીરીની સરાહના કરી હતી.



## રાફેલના સોદા અંગે કોંગ્રેસ દ્વારા જુઠ્ઠા પ્રચારનો પર્દાફાશ કરવા રાષ્ટ્રપતિને સંબોધીને જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાયું

આજરોજ અરવલ્લી જિલ્લા ભાજપના અગ્રણીઓ-કાર્યકરો દ્વારા રાફેલના સોદા અંગે કોંગ્રેસ દ્વારા જુઠ્ઠા પ્રચારનો પર્દાફાશ કરવા મહામહિમ રાષ્ટ્રપતિને સંબોધીને જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભી સહિત જિલ્લા ભાજપની ટિમ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.